# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-12-2024** **Day: Monday** **Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## CM-સુરત:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સંસ્કૃતિ, સદાચાર અને સામાજિક મૂલ્યો માટે યોગદાન આપનાર વિવિધ ક્ષેત્રના આઠ વ્યક્તિ વિશેષને સુરત ખાતે 'ગુજરાત સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર' અર્પણ કર્યા. સાથે રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી હર્ષ સંઘવીએ પુરસ્કારની સાથે પ્રત્યેક સમાજ સેવકને એક લાખ રૂપિયાનો રોકડ પુરસ્કાર, પ્રશસ્તિપત્ર અને સ્મૃતિ ચિહ્ન અર્પણ કર્યા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે, પ્રધાનમંત્રીએ વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત-આત્મનિર્ભર-ઉન્નત ભારતના નિર્માણનો સંકલ્પ કર્યો છે, જેમાં આપણે સૌએ સાથે મળીને સુસંસ્કૃત અને જાગૃત સમાજનું નિર્માણ કરવાનું છે. તેમણે કહ્યું કે સમજણ, મર્યાદા, વ્યવહારૂ જ્ઞાન અને જવાબદારીના ગુણો શીખીશું તો નવી પેઢીમાં મૂલ્યનિષ્ઠાનું સરળતાથી સિંચન કરી શકીશું.

આઠ પુરસ્કારોમાં સાંવરપ્રસાદ બુધીયા, સુધા નાકરાણી, નંદકિશોર શર્મા, કેશવ ગોટી, ગીતાબેન શ્રોફ, તરૂણ મિશ્રા, કોમલબેન સાવલિયા અને પ્રતિભા દેસાઈને ગુજરાત સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કારથી સન્માનિત કર્યા હતા.

---------------------------------------------------------------------------------------

## વેરા નિરિક્ષક વર્ગ-3 પરીક્ષા:

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ગઈકાલે રાજ્ય વેરા નિરિક્ષક વર્ગ – 3 ની પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ.

આયોગના ચેરમેન હસમુક પટેલ ગાંધીનગરમાં પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, રાજ્યના 33 જિલ્લાઓમાં 754 કેન્દ્રો પરથી એક લાખ, 85 હજાર ઉમેદવારોએ પરીક્ષા આપી છે.

---

## ડિજીટલ ગુજરાત- 800 સરકારી સેવાઓ:

ડિજીટલ ગુજરાત પ્રોજેક્ટ હેઠળ રાજ્યના નાગરિકોને 800 થી વધુ સરકારી સેવાઓ ઘરઆંગણે ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

રાજ્યના નાગરિકોને સરકારી સેવાઓ વધુ પારદર્શક, સરળતાથી અને ઝડપથી મળી રહે તે માટે ડિજીટલ ગુજરાત પ્રોજેક્ટ કાર્યરત છે.

વર્ષ 2024-2025 માં ડિજીટલ ગુજરાત અંતર્ગત એક કરોડ અરજીઓ મળી હતી. જેમાં સ્કોલરશીપ માટે 68 લાખથી વધુ વિદ્યાર્થીઓને એક હજાર, 800 કરોડની શિષ્યવૃત્તિ ડાયરેક્ટ બેનિફીટ ટ્રાન્સફર ડીબીટી દ્વારા સીધા તેમના બેન્ક ખાતામાં જમા કરાવવામાં આવ્યા છે.

સેવા સેતુ કાર્યક્રમ દ્વારા રાજ્ય સરકારે નાગરિકોના ઘરઆંગણે જઈ 10 તબક્કામાં ત્રણ કરોડથી વધુ અરજીઓનો હકારાત્મક ઉકેલ લાવી સરકારી સેવાઓનો લાભ આપવામાં આવ્યો છે.

આગામી સમયમાં ડિજીટલ ગુજરાત બીજા તબક્કામાં અદ્યતન ટેકનોલોજી અને કૃત્રિમ બુધ્ધિમત્તાનો ઉપયોગ કરીને વધુ સેવાઓ લાભાર્થી સુધી પહોંચાડવામાં આવશે.

---

## કેરળ મહિલા પ્રતિનિધિ મંડળ:

કેરળ થી આવેલા મહિલા પત્રકાર પ્રતિનિધિ મંડળે કચ્છની બે દિવસની મુલાકાત લીધી હતી. આ અંગે સાંભળીએ અહેવાલ

(અહેવાલ-અશરફ નથવાણી)

---

## રાષ્ટ્રીય ખેડુત દિવસ

23મી ડીસેમ્બરે ભારતના પાંચમાં પ્રધાનમંત્રી ચૌધરી ચરણસિંહની જન્મ જયંતીની યાદમાં સમગ્ર દેશમાં રાષ્ટ્રીય ખેડુત દિવસ ઉજવવામાં આવે છે. તેઓ ખેડુત મૈત્રીપુર્ણ નિતિઓ લાવ્યા અને ખેડુતોના કલ્યાણ માટે કામ કર્યુ હતું. તેમણે નાના અને સીમાંત ખેડુતોના પ્રશ્નો ઉઠાવવા માં મહત્વપુર્ણ ભુમિકા ભજવી હતી.

---

## હવામાન:

ગુજરાતમાં ધીમે ધીમે ઠંડીએ પોતાનો પ્રકોપ વધાર્યો છે. રાજયના મોટાભાગના વિસ્તારોમાં ઠંડા પવનોને કારણે લોકોનું જીવન મુશ્કેલ બન્યું છે. ત્યારે આગામી 28મી ડિસેમ્બર સુધી ઠંડી અને વરસાદને લઈને હવામાન વિભાગે આગાહી કરી છે. આ દરમિયાન ગઈકાલે કચ્છમાં વહેલી સવારથી વાદળછાયુ વાતાવરણ સર્જાયું હતું. રાજ્યના સૌથી ઠંડા મથક નલિયામાં ગઈકાલે લઘુત્તમ તાપમાન 7.2 , જીલ્લા મથક ભુજમાં 12.4 અને કંડલામાં 15 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું.

---

## અંજાર સ્થાપના દિન:

ઐતિહાસિક શહેર અંજારના 1480માં સ્થાપના દિનની ઉજવણીના ઉપલક્ષમાં આજે તા. 23 ડિસેમ્બરના વિવિધ કાર્યક્રમો યોજાશે.

---